

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર શાખા દ્વારા મહા ગણેશોત્સવ-૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગણેશોત્સવ દરમ્યાન મોદક સ્પર્ધા અને શિવ-ગણેશવંદના કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું. હોટલ પથિકાશ્રમ ખાતે યોજાયેલ મોદક સ્પર્ધામાં પ્રથમ ક્રમે શ્રીમતી હંસાબેન મકવાણા, દ્વિતિય નંબરે મંદાબેન ધોળકીયા, તૃતીય ક્રમે શ્રીમતી લીનાબેન મહેતા, ચોથા ક્રમે શ્રીમતી દક્ષાબેન જાદવ અને પાંચમા ક્રમે છાયાબેન પંચાલ વિજેતા રહ્યા હતા. મોદક સ્પર્ધાના જજ તરીકે શ્રીમતી પરમજીત કૌર છાબડા અને શ્રીમતી વીણાબેન વોરાએ સેવા આપી હતી. શિવ-ગણેશ વંદના સ્પર્ધામાં પ્રથમ નંબરે શ્રીમતી ભારતીબેન પોપટ, બીજા નંબરે નારીગૃહના પલ્લવી બનીયા, ત્રીજા નંબરે શ્રીમતી દિવ્યાબેન દેરાસરી, ચોથા નંબરે ઈલાબેન નાયક અને પાંચમા નંબરે નારીગૃહની ખુશ્બુ પટેલ, ગીતા ઠોકર અને વર્ષા ઠાકોર વિજેતા બન્યા હતા. આ સ્પર્ધાના જજ તરીકે શ્રીમતી મીનળબેન ઓઝા અને કુમારી સ્તુતીબેન જોષીએ સેવા આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# છાલા બસ સ્ટેન્ડ નજીક બલેરો જીપે ૬ રાહદારીઓને અડફેટે લીધા

## આ અકસ્માતમાં બુલેરો ચાલકની ભુલે ૧૨ ને ઈજાઓ : એક પરિવારના ૬ વ્યક્તિઓ ઘાયલ : તમામને ગાંધીનગર સિવિલમાં ખસેડાયા

ગાંધીનગર, તા. ૧૬

હિંમતનગર-ચિલોડા નેશનલ હાઈ-વે પર છાલા બસ સ્ટોપ પર હિંમતનગર તરફથી બેફામ ગતિએ આવતી એક બુલેરો જીપના ચાલકે જીપ પરથી કાબુ ગુમાવીને જીપને બસસ્ટેન્ડમાં ઘુસાડી દીધી હતી. આથી ગંભીર અકસ્માત સર્જાયો હતો અને બસ સ્ટેન્ડમાં ઉભેલા પ્રજાપતિ પરિવારના ૬ સભ્યો સહિત કુલ ૧૨ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. બાદમાં તમામે તમામને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લાના છાલા ગામ પાસે આવેલા કાનપુર ગામમાં રહેતા અને ગાંધીનગર એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે નોકરી કરતા સુરેશભાઈ કાન્તીભાઈ પ્રજાપતિ આજે સવારે પોતાના ઘરેથી પોતાના પિતા, પત્ની અને ત્રણ બાળકી સાથે કપડાની ખરીદી કરવા અમદાવાદ તરફ જવા રવાના થયા હતા અને છાલા બસ સ્ટેન્ડ પર બસની રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન રાજસ્થાનના ડુંગરપુરથી હિંમતનગર થઈ અમદાવાદ જતી બુલેરો જીપ નં. જીજે-૧૮-બીએ-૨૮૩૫ પણ પસાર થઈ રહી હતી. જેમાં જીપચાલક સહિત કુલ ૬ મુસાફરો સવાર હતા. આજ અરસામાં હિંમતનગર તરફથી વહેલી સવારે ૯ કલાકે બેફામગતિએ દોડી આવતી બુલેરો જીપનાચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા જીપ છાલા બસસ્ટેન્ડમાં ઘુસાડી દીધી હતી અને આથી જીપ પલટી ખાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં છાલા બસ સ્ટેન્ડ પર બસની રાહ જોતા પ્રજાપતિ પરિવારના સભ્યો કાન્તીભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ કાન્તીભાઈ પ્રજાપતિ, ટીનાબેન સુરેશભાઈ પ્રજાપતિ, પાયલ પ્રવિણભાઈ પ્રજાપતિ, જીનલ પ્રવિણ પ્રજાપતિ અને રીયા સુરેશભાઈ પ્રજાપતિને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. તે તમામને ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઈજાગ્રસ્તમાંથી જીનલ પ્રજાપતિને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવી હતી. જ્યારે જીપમાં સવાર ગૌતમ છનાલાલ ભણાત, મોહન મીણા, ગંગા ગૌતમભાઈ ગણાત, સંકરજી ગામીતિ અને નાનજી હિરાભાઈ મીણાને પણ ઈજાઓ થતા ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જી જીપનો ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ સમગ્ર અકસ્માત મામલે ચિલોડા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર જીપચાલકની શોધખોળ હાથ ધરી છે.

# યુવા મતદારો પોતાનું મતદાન ઓળખપત્ર મેળવવા માટેનું ફોર્મ ૫મી ઓક્ટોબર સુધી ભરી શકશે

ગાંધીનગર, તા. ૧૬

તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૪નો રોજ જે યુવક-યુવતીઓને ૧૮ વર્ષ પૂર્ણ થતાં હોય તેમના મતદાર યાદીમાં નામની નોંધણીની શરૂઆત કરવામાં આવી છે. આ મતદાર યાદીમાં નામની નોંધણી તા. ૫મી ઓક્ટોબર, ૨૦૧૩ સુધીમાં કરવામાં આવશે. આ તારીખ સુધીમાં હક્કદાવા અને વાંધા પણ સ્વીકારવામાં આવશે, તેવું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેટકર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ગાંધીનગરે વધુમાં જણાવ્યું છે કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૧ જાન્યુઆરી,૨૦૧૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો છે. તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ મતદાર યાદીનો મુસદ્દો બહાર પાડવામાં આવ્યો છે. તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ જે યુવક અને યુવતીઓને ૧૮ વર્ષ પૂર્ણ થતાં હોય તેવા તમામ મતદારોના નામની નોંધણી કરવામાં આવશે. નવા મતદારો પોતાનું મતદાન ઓળખપત્ર મેળવવા માટેનું ફોર્મ તા.૦૫મી ઓક્ટોબર, ૨૦૧૩ સુધીમાં ભરીને આપી શકશે. તેમજ આ તારીખ સુધીમાં કોઈ પણ મતદાર પોતાનું નામમાં સુધારો વધારા કરવાની, નામ કમી કરવાની અને નવું નામ દાખલ કરવા જેવી મતદાર ઓળખપત્ર સંદર્ભની અન્ય કાર્યવાહી કરી શકશે. ગ્રામ્ય વિસ્તારમાં આ તમામ કામગીરી ઇ-ગ્રામ પંચાયત કચેરીના મતદાર સહાયતા કેન્દ્ર ખાતે કરવામાં આવશે.

મતદારો પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહિં તેની ચકાસણી મોબાઈલ દ્વારા પણ કરી શકશે. આ માટે તેમણે epic < SPACE> મતદાર ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૯૨૨૭૫ ૦૦૯૫૮ પર એસ.એમ.એસ મોકલીને પણ મતદાર યાદીની વિગતો જાણી શકશે. તેમજ ટોલ ફ્રી નંબર- ૧૯૫૦ ઉપર સંપર્ક કરીને પણ જાણી શકશે. તે ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceogujarat. nic.in પર ઓનલાઈન અરજી પણ કરી શકશે.

મતદારોની સુવિધા માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી દ્વારા તમામ મતદારોના મતદાન મથક ઉપર તા. ૨૨ અને ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૩ ખાસ ઝુંબેશ યોજવામાં આવી છે. આ બન્ને દિને સવારના ૯.૦૦ કલાક થી ૬.૦૦ કલાક દરમ્યાન મતદાર યાદીમાં નામ ચકાસી શકાશે. તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત સ્વીકારવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મતદાર યાદીનો આખરી મુસદ્દો તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ -સિધ્ધ કરવામાં આવશે.




કઠીન કાવેરી મેરેથોન... ગાંધીનગરના નોન પ્રોફેશનલ ૬ રનર્સ કાવેરી મેરેથોન માટે ખાસ પસંદગી પામ્યાં હતાં. ગઈ કાલે યોજાયેલી આ અત્યંત કઠીન મેરેથોનમાં આઈ.કે. વાઘેલા, ડૉ.જીજ્ઞેશ રાજવીર, બ્રજેશકુમાર, બી.કે. સતીષ, કેયુર કાસ્લીવાલ અને મયુર થાનકીએ નિયત સમય કરતાં ઓછા સમયમાં ૨૧ કિ.મી.ની મેરેથોન સફળતાપૂર્વક પૂર્ણ કરીને ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. વિશેષ એટલે ડૉ. જીજ્ઞેશ રાજવીરને ચીકનગુનિયા થયો હતો અને એમનાં સાંધામાં કળતર હોવા છતાં તેમણે હિંમતપૂર્વક મેરેથોન પૂર્ણ કરી એક અનોખું ઉદાહરણ પુરું પાડયું હતું. ગાંધીનગર રનર્સના આ સભ્યોને સૌએ શુભેચ્છાઓ પાઠવી છે.

# સી.એમ. પટેલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બોરીજ ગામે આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ચોથા વર્ષના બી.એસ.સી. નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા બોરીજ ગામની સરકારી પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરવામાં આવી તથા ત્યાના શિક્ષણને પ્રાથમીક સારવાર કેવી રીતે આપવી તેની માહિતી આપવામાં આવી હતી. બાળકોની ઊંચાઈ, વજન, કાન-નાક, આંખ, દાંત વગેરેની સારીરિક તપાસ કરવામાં આવી હતી. જેમાં અમુક વિદ્યાર્થીઓમાં ઉણપ જણાતા જરૂરી માર્ગદર્શન તથા દવાઓનું વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો. કોલેજના પ્રો. ક્લાઈ વાણીબેન તથા પ્રો. ભાવિષાબેન અને વિણાબેન ચૌધરીએ આ કાર્યક્રમ માટે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. ક્લાસ કોઓર્ડીનેટર પ્રો. પ્રેક્ષાબેન પટેલ તથા ઈન્ચાર્જ પ્રી. ફાલ્ગુનીબેન મોદીએ બાળકોનો સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવી.

## ડુંગરી ગરાસીયા સેવા સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૬

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટની દસમી વાર્ષિક સાધારણ સભા તા. ૯મી સપ્ટેમ્બર, સોમવારના રોજ મળી હતી. જેમાં સંસ્થાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

સંસ્થાના વર્ષ ૨૦૧૩-૧૪ માટે પ્રમુખ સ્થાને નામદેવ વર્સાત, ઉપપ્રમુખ સ્થાને ચિમનભાઈ ડેડુણ તેમજ મંત્રી પદે કાન્તીભાઈ ડામોરની પસંદગી પર સર્વાનુમતે મંજૂરી અપાઈ હતી. તદુપરાંત સહમંત્રી પદે અજીતભાઈ પરમાર, ખજાનચી તરીકે સુરેશભાઈ ગામેતી, સંગઠન મંત્રી પદે કે.બી.ડામોર અને આંતરિક ઓડિટર તરીકે ધીરુભાઈ ડામોરની પણ સર્વાનુમતે વરણી કરાઈ હતી. કારોબારી સભ્યોમાં નરસિંહભાઈ નિનામા, દિવાનભાઈ અસારી, જી.એફ. પાંડોર, આર.ડી. ડામોર, મગનભાઈ ગોપાત, જે.એસ. બોદર, પી.એમ. ખાંટ તથા જયંતિભાઈ નિનામાની નિમણુંક કરવામાં આવી હતી.

# બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. દ્વારા ઓઝોન-ડે ની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

બી.પી. કોલેજ ઓફ બી.બી.એ., ગાંધીનગર તેમજ વનશ્રી નેચર ક્લબ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૬-૯-૨૦૧૩, સોમવારનાં રોજ 'ઓઝોન ડે સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. કે.બી. ફાર્મસી હોલમાં સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ વાગ્યા સુધી યોજાયેલ આ સેમિનારમાં ગાંધીનગરનાં ફોરેસ્ટ ઓફિસર શ્રી ભાવિનભાઈ વ્યાસ, યુથ હોસ્ટેલનાં ચેરમેન શ્રી ચૈતન્યભાઈ નિમાવત તેમજ ગાંધીનગરનાં ગ્રીન એમ્બેસેડર શ્રીમતી અંજનાબેન નિમાવત દ્વારા પર્યાવરણમાં ઓઝોનનું મહત્વ, ઓઝોનની ઘટતી માત્રાથી થતું નુકસાન, નિષેધાત્મક પગલાંઓ વિષે વિગતવાર માહિતી આપી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓ કુ. પિંકલ તેમજ કુ. પિર્યાએ પ્રાર્થનાગાન કર્યુ હતું. કોલેજનાં વિદ્યાર્થીઓ વિકાસ, કિરીટ અને તુષારે વિદ્યાર્થી અને જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ સંસાધન બચાવ અને નિભાવ અંગે મંતવ્યો રજુ કર્યા હતા. કોલેજનાં વડા શ્રી ડૉ. રમાકાન્ત પુષ્ટીએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર આપ્યો હતો તેમજ મહેમાનોનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ કોલેજનાં પ્રાધ્યાપીકા માર્ગી દેસાઈએ કર્યુ હતું. આશરે ૩૦૦ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

## વણકર સમાજનો જીવનસાથી પસંદગી સમારોહ

ગાંધીનગર, તા. ૧૬

શહેરના શ્રી ગાંધીનગર વસાહતી બયો બ્યાસી વણકર સમાજ ટ્રસ્ટ દ્વારા આવતી તા. ૨૦મી ઓકટોબરે સેકટર-૧૨ સ્થિત આંબેડકર ભવન ખાતે જીવનસાથી પસંદગી સમારોહનું આયોજન કરાયું છે.

વણકર સમાજે ગોળ પરગણાના બાધ વગર સમગ્ર વણકર સમાજનો ચતુર્થ જીવનસાથી પસંદગી સમારોહ યોજયો છે. જેમાં વણકર સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ ભાગ લઈ શકે તે માટે તા. ૫મી ઓકટોબર સુધીમાં અરજી ફોર્મ ભરવાની જાહેરાત કરી છે. ઉમેદવારો સંસ્થાના પ્રમુખ મધુકર પરમાર પાસેથી (પ્લોટ નં. ૧૩૭૩/૨, સેટર-૭-ડી) અરજી ફોર્મ મેળવી શકશે તેવું અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જિલ્લાકક્ષાની ખેલકુદ સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૧૬

સાદરા મુકામે યોજાયેલ જિલ્લાકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધામાં સેક્ટર-૭ સ્થિત શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી સંસ્થાનું નામ ઉજાળ્યુ હતુ.

ચૌધરી કન્યા વિદ્યાલયની કુલ ૧૪ વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે દોડ, લાંબીકૂદ, જલદ ચાલ વગેરેમાં ભાગ લીધો હતો. તેમાંથી ૬ વિદ્યાર્થિનીઓએ પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. ૧૫૦૦ મીટર દોડમાં કુ. દિવ્યા ચૌધરી અને જલદચાલમાં કુ. લલીતા ચૌધરીએ પ્રથમ સ્થાન તેમજ ૮૦૦ મીટર દોડમાં કુ. બીજલ ચૌધરી, ૩૦૦૦ મીટર દોડમાં કુ. હીના ચૌધરી, ૮૦૦ મીટર દોડમાં કુ. હંસા ચૌધરી તેમજ લાંબી કુદમાં કુ. રમીલા ચૌધરીએ દ્વીતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

તમામ વિજેતા ખેલાડીઓને આચાર્યા સંતોકબેન ચૌધરી તેમજ વ્યાયામ શિક્ષિકા અને અન્ય કર્મચારીગણે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# જેસીઆઈ ગાંધીનગર અને એક્ઝોટીકા જુનિયર સાયન્સના સંયુક્ત ઉપક્રમે સફળ પેરેન્ટીંગ વિષય પર પરિસંવાદ યોજાયો




ગાંધીનગર, તા. ૧૬

જેસીવીક અંતર્ગત જેસીઆઈ અને ગાંધીનગરની જાણીતી શાળા એકઝેટીકા જુનિયર સાયન્સના સંયુક્ત ઉપક્રમે સકસેસફૂલ પેરેન્ટીંગ વિષય પર વાલીમિત્રો સાથે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. શહેરના જાણીતા મનોતજજ્ઞ ડૉ. શ્રી ગૌરાંગ થાનકી, જાણીતા વિદ્યાર્થી કાઉન્સીલર અને અગ્રણી સામાજીક-સંસ્કૃતિક કાર્યકર શ્રીમતી મમતાબેન રાવલ અને શાળાના ચેરમેનશ્રી રમેશભાઈ પટેલે વાલીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. ડૉ. ગૌરાંગ થાનકીએ વિદ્યાર્થીવયની મુશ્કેલીઓ, વાલીઓ તરફથી ઉપાયો અને સરળ વ્યક્તિ વિકાસ ઉપર ભાર મુક્યો હતો અને વાલીઓને મુંઝવતા પ્રશ્નોના પણ જવાબ આપ્યા હતા. શ્રીમતી મમતાબેન રાવલે યુવાન સંતાન અને માતા-પિતા વચ્ચે મૈત્રી કેવી રીતે રચાય, વધતી વય સાથે તાલમેલ કેવી રીતે રાખી શકાય અને વિદ્યાર્થીને એક વ્યક્તિ તરીકે કેવી રીતે આગળ વધારી શકાય તે બાબત સરળ શબ્દોમાં સમજાવી હતી. સાયન્સ વિષયમાં ઉચ્ચત્તર પ્રદર્શન, પેરેન્ટીંગની જરૂરિયાત, પેરેન્ટસના અભ્યાસમાં ધ્યાન અંગે શાળાના ચેરમેનશ્રી રમેશભાઈ પટેલે પ્રકાશ પાડ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના ડાયરેક્ટર શ્રી જીગર રાણા, જેસીઆઈ પ્રમુખ શ્રી કેતન નિર્મલ, પ્રોજેક્ટ ઈનચાર્જ ડૉ. પરાગી ગાંધી અને સહ પ્રોજેક્ટ કૉ-ઓર્ડિનેટર કોમલ પટેલે જહેમત ઉઠાવી હતી. શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શાળા અને જેસીઆઈના આયોજનને આવકાર્યુ હતુ.

# જાસપુર નર્મદા કેનાલમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

## બે અજાણ્યા પુરૂષ કેનાલમાં હોવાની માહિતીના પગલે પોલીસે એક મૃતદેહને બહાર નિકાળ્યો એકની શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના જાસપુર ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં બે અજાણ્યા પુરૂષના મૃતદેહ પાણીમાં તરતા હોવાની જાણ કલોલ તાલુકા પોલીસમથકમાં થતા પોલીસે ઘટનાસ્થળે આવી ભારે મહા મુશીબતે એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ બહાર નિકાળ્યો હતો અને બીજા મૃતદેહ અંગે તરવૈયાની મદદ લઈ બહાર કાઢવાની કોશીશ કરી રહ્યા છે. જ્યારે બહાર કઢાયેલ મૃતદેહની ઓળખવિધિ માટે તાલુકા પોલીસે મૃતદેહના ખીસ્સામાંથી મળેલ ટેલિફોન ડાયરીના આધારે શોધખોળ હાથ ધરી છે.

આજે બપોરના સમયે કલોલ તાલુકાના જાસપુર ગામના ડે. સરપંચને જાસપુર ગામ પાસેથી પસાર થતી નર્મદાની કેનાલના પાણીમાં બે અજાણ્યા પુરૂષના તરતા મૃતદેહ નજરે પડ્યા હતા. આથી તુરંત ડે. સરપંચે કલોલ તાલુકા પોલીસમથકે જાણ કરતા જમાદાર અરજણભાઈ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને બે અજાણ્યા પુરૂષના મૃતદેહ પૈકી એક મૃતદેહને તરવૈયાની મદદથી બહાર કઢાયો હતો. જેને શરીરે કાળા રંગનું પેન્ટ અને કાળા રંગનો શર્ટ પહેરેલ છે. જેમના ખિસ્સામાંથી એક ટેલિફોન ડાયરી મળી આવી હતી. જેના આધારે મૃતદેહના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે જ્યારે તરવૈયાની મદદથી અન્ય એક અજાણ્યા મૃતદેહની પણ શોધખોળ પોલીસ કરી રહી છે. કલોલ તાલુકા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ કરી રહી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

## તાપમાન

મહત્તમ : ૩૫.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હૉરર સ્ટૉરી : ૧૦.૧૫, ૩.૧૦, ૮.૦૫
જૉન ડે : ૧૨.૨૫, ૫.૨૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ગ્રાન્ડ મસ્તી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

ગ્રાન્ડ મસ્તી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
જૉન ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
હૉરર : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
એસ ડી રૉમાન્સ : ૧.૦૦, ૮.૦૦
ગ્રાન્ડ મસ્તી : ૫.૩૦

### ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિની સંભાવનાઓ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધિક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

● સ્વ. રાઠોડ માવસિંહજી જશરાજસિંહ (ઉ.વ.૯૧) બ્લોક નં. ડી/૨, વાલ્મિકી કૅમ્પસ, સેકટર-૮, ગાંધીનગર.